PRESS NOTE

| | | |
|---|---|---|
| | VASTRAPUR POLICE STATION | |

**ગાડીના કાચ તોડી અસંખ્ય ચોરી કરનાર ગીલોલ ગેંગ પકડી પાડતી**
**સર્વેલસં સ્કોડ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર**

અમદાવાદ શહેર **પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧, તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૧ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એ" ડીવીઝન** નાઓએ અમદાવાદ શહેરમા નજીકના સમયમા ગાડીના કાચ તોડી ચોરી કરતી ગેંગ દવારા ગુન્હાઓ આચરવામા આવેલ હોય જે બનેલ ગુન્હાઓ ડીટેકટ કરવા તેમજ વધુ બનાવ બનતા અટકાવવા અસકારક કામગીરી કરવા તથા અનડીટેકટ ગુન્હાઓ શોધીકાઢવા સુચના કરેલ હોય જે તેઓ સાહેબની સુચના તથા **વસ્ત્રાપુર પો.સ્ટે પો.ઇન્સ શ્રી એમ.એમ.જાડેજા સાહેબ તથા સોલા પો.સ્ટે પો.ઇન્સ જે.પી.જાડેજા** ના સીધા માર્ગદર્શન હેઠળ આજ રોજ તા.૦૩/૧૧/૧૯ ના **વસ્ત્રાપુર પો.સ્ટે પો.સ.ઇ. મહાવીરસિંહ બી. જાડેજા** નાઓની ટીમના માણસો **વસ્ત્રાપુર પો.સ્ટે. ના પો.કો જાહીદખાન ઇસ્માઇલખાન તથા લોકરક્ષક જયપલસિંહ દીલીપસિંહ નાઓની સયુંકત હકિકત આધારે** વડોદરા થી એક સેવરોલેટ ઓપ્ટ્રા કાર સાથે.

**આરોપી**

(૧) નિર્મલ ઉર્ફે મંગળ ઉર્ફે પાંડે પ્રવિણભાઇ આહીર ઉવ ૪૧ રહે,૩૦૬, પ્રેરણાપાર્ક ફલેટ  સમતા પોલીસ ચોકી પાસે સુભાનપુરા વડોદરા

(૨) મહોમ્મદ યાકુબ ઉર્ફે કાજબ ઉર્ફે સલીમ અહેમદહુસેન જાતે શેખ ઉવ ૫૦ ધંધો ડ્રાઇવીંગ રહે, ૩૦૩, સેફરોન ટાવર પાદરા રોડ કિસ્મત ચોકડી તાદલીયા વડોદરા

વાળાઓ પાસેથી **એક કાળા કલર ની ગીલોલ** તથા એક **લાલ કલર ની ગીલોલ** તથા બે ડીસમીસ, તથા બે ક્રીમ કલર નાના- મોટા પર્સ તથા એક કાળા કલર નુ નાનુ પર્સ બે મો.ફોન કીંરૂ ૭૫૦૦/- તથા **રોકડા રુપીયા ૧,૦૦,૭૫૦/-** તથા સેવરેલોટ ઓપ્ટ્રા કાર કીરૂ ૬૦,૦૦૦/- ગણી કુલ કિં.રૂ. ૧,૬૮,૨૫૦/- નો મુદામાલ સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબજે કરી મજકુર ઉપરોકત ઇસમોને તા.૩/૧૧/૧૯ ના કલાક ૨૩/૩૦ વાગ્યે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરવામા આવેલ છે.

**આરોપીનો ગુન્હો કરવાનો એમ.ઓ.**

આરોપીઓ પોતાની ગાડી લઇ આવી રસ્તામા પાર્ક કરેલ કોઇ ગાડીમા કોઇ પર્સ કે ચીજવસ્તુ દેખાય તો ગાડીમાથી ઉતરી એક ઇસમ ગીલોલ વડે ગાડીના કાચ તોડી અને બીજો ઇસમ પાછળથી આવી ડીસમીસ થી કાચ બરાબર તોડી અંદરથી ચીજવસ્તુ ચોરી કરી લઇ પરત પોતાની પાર્ક કરેલ ગાડીમા બેસી ગાડી લઇ જતા રહેતા.

**આરોપીઓએ કરેલ ગુન્હાની કબુલાત.**

(૧) આજથી આશરે પાંચેક મહીના પહેલા સેવરેલોટ ઓપ્ટ્રા કાર નં જીજે-૦૬-બી.એલ.૩૬૭૦ ની લઇને વડોદરા થી નીકળી અમદાવાદ શહેર ખાતે આવેલા અને પકવાન ચાર રસ્તા થી આગળ સિંધુભવન રોડ પાસે કે.કે.ફાર્મ પાસે રાત્રીના સાડા આઠ વાગ્યાના સુમારે એક કારનો કાંચ તોડી પર્સ તથા રોકડ રકમની ચોરી કરેલ હતી. જેમા રોકડા ૨૫,૦૦૦/- હતા તથા અન્ય ડોકયુમેંટ લેપટોપ ચાર્જર, મળેલા અંગેની કબુલાત આપેલ છે જે બાબતે વસ્ત્રાપુર પોસ્ટે ફસ્ટ ગુ નં ૧૪૯/૧૯ ઇપીકો કલમ ૩૭૯,૪૬૧ મુજબ નો ગુન્હો દાખલ થયેલ છે

(૨) ત્યારબાદ આજથી આશરે ચારેક મહીના પહેલા સિંધુભવન રોડ ખાતે સાહી કબાબ રેસ્ટોરન્ટ પાસે આવેલ બસ સ્ટેંડ પાસે રાત્રીના દશેક વાગ્યાના સુમારે એક સ્વીફ્ટ કારનો કાંચ તોડી તેમાથી રોકડ રકમ તથા એક લેડીઝ પર્સ ની ચોરી કરેલ હતી અંગેની કબુલાત આપેલ છે જે બાબતે વસ્ત્રાપુર પોસ્ટે ફસ્ટ ગુ નં ૧૭૭/૧૯ ઇપીકો કલમ ૩૭૯,૪૨૭ મુજબ નો ગુન્હો દાખલ થયેલ છે

(૩) ત્યારબાદ આજથી આશરે એક મહીના પહેલા એસ જી હાઇવે સર્વિસ રોડ ખાતે અપના અડ્ડા પાસે સાંજના સાતેક વાગ્યાના સુમારે એક કારનો કાંચ તોડી જેમાંથી આશરે એક લાખ રૂપિયા રોકડા મળેલા અંગેની કબુલાત આપેલ છે જે બાબતે વસ્ત્રાપુર પોસ્ટે ફસ્ટ ગુ નં ૩૦૧/૧૯ ઇપીકો કલમ ૩૭૯,૪૬૧ મુજબ નો ગુન્હો દાખલ થયેલ છે

(૪) ત્યારબાદ આજથી  આશરે એક મહીના પહેલા સિંધુ ભવન રોડ પર આવેલ જગરનોટ રેસ્ટોરંન્ટ ની બહાર રાત્રીના સાડા બાર વાગ્યાના સુમારે એક કાર ના કાંચ તોડી એક પર્સ ની ચોરી કરેલ જેમા રોકડ રકમ તથા ડ્રાઇવીંગ લાયસંસ હતા અંગેની કબુલાત આપેલ છે જે બાબતે વસ્ત્રાપુર પોસ્ટે ફસ્ટ ગુ નં ૩૧૫/૧૯ ઇપીકો કલમ ૩૭૯,૪૬૧ મુજબ નો ગુન્હો દાખલ થયેલ છે

(૫) ત્યારબાદ તેના બે દિવસ પછિ અમદાવાદ શહેર ખાતે આવેલા અને ફરતા ફરતા મૉડી રાત્રીના દશ અગીયારેક વાગ્યાના સુમારે એસએસ જી હાઇવે,એન.એફ.ડી સર્કલ પાસે આવેલ પ્રાઇમ પ્લાઝા ની બહારથી રાત્રીના દશેક વાગ્યાના સુમારે એક કારના કાંચ તોડીને ચોરી કરેલ જેમા એક કેમેરો તથા રોકડા રૂપિયા ૭૦૦૦/-હતા  અંગેની કબુલાત આપેલ છે જે બાબતે વસ્ત્રાપુર પોસ્ટે ફસ્ટ ગુ નં ૩૪૩/૧૯ ઇપીકો કલમ ૩૭૯,૪૬૧ મુજબ નો ગુન્હો દાખલ થયેલ છે

(૬) ત્યારબાદ એકાદ મહીના પહેલા તેના બે દિવસ પછિ અમદાવાદ શહેર ખાતે આવેલા અને ફરતા ફરતા એસ જી હાઇવેથી અંદર એક સોસાયટી ના ગેટની સામે સાંજના સાડા ચાર વાગે એક કારના કાંચ તોડી ને એક પર્સની ચોરી કરેલ જેમા રોકડા રૂપિયા ૧૧,૦૦૦/-હતા અંગેની કબુલાત આપેલ છે જે બાબતે વસ્ત્રાપુર પોસ્ટે ફસ્ટ ગુ નં ૩૪૫/૧૯ ઇપીકો કલમ ૩૭૯,૪૨૭ મુજબ નો ગુન્હો દાખલ થયેલ છે

(૭) ત્યારબાદ ઉપરોકત ચોરી કર્યા બાદ બે દિવસ પછિ અમદાવાદ શહેર ખાતે આવેલા અને ફરતા ફરતા બપોરના બે અઢી વાગ્યાના સુમારે સિંધુભવન રૉડ પર આવેલ શીલ્પ એરોન કોમ્પલેક્ષ ની પાસે થી બપોરના બે વાગ્યાના સુમારે એક કારના કાંચ તોડી તેની પાછળ ની સીટમાં પડેલ એક બેગ ની કાંચ તોડીને ચોરી કરેલ જેમા આશરે બે લાંખ ની રોકડ રકમ મળેલ હતી અંગેની કબુલાત આપેલ છે જે બાબતે વસ્ત્રાપુર પોસ્ટે ફસ્ટ ગુ નં ૩૪૯/૧૯ ઇપીકો કલમ ૩૭૯,૪૬૧,૪૨૭ મુજબ નો ગુન્હો દાખલ થયેલ છે

(૮) ત્યારબાદ તેના બે દિવસ પછિ હુ અને નિર્મલ આહીર મારી સેવરેલોટ ઓપ્ટ્રા કાર નં જીજે-૦૬-બી.એલ.૩૬૭૦ ની લઇને વડોદરા થી નીકળી અમદાવાદ શહેર ખાતે આવેલા અને ફરતા ફરતા રાત્રીના સાડા નવ વાગ્યાના સમયે એસ જી હાઇવે ઝાયડસ હોસ્પીટ્લ ચાર રસ્તા થી અંદર જતા એક ધી ટરબન નામની રેસ્ટોરન્ટ ની બહારના ભાગેથી રાત્રીના દશ વાગ્યાની આસપાસ એક હ્યુંડાઇ ગાડીની કાંચ તોડી રોકડ રકમ ૪૧,૦૦૦/- ની ચોરી કરેલ અંગેની કબુલાત આપેલ છે જે બાબતે સોલા પોસ્ટે ફસ્ટ ગુ નં ૫૦૧/૧૯ ઇપીકો કલમ ૩૭૯,૪૬૧,૪૨૭ મુજબ નો ગુન્હો દાખલ થયેલ છે

**<u>દાખલ થયેલ ગુન્હાની વિગત.</u>**

(૧) અમદાવાદ શહેર વસ્ત્રાપુર પોસ્ટે ફસ્ટ ગુ નં ૧૪૯/૧૯ ઇપીકો કલમ ૩૭૯,૪૬૧ મુજબ
(૨) અમદાવાદ શહેર વસ્ત્રાપુર પોસ્ટે ફસ્ટ ગુ નં ૧૭૭/૧૯ ઇપીકો કલમ ૩૭૯,૪૨૭ મુજબ
(૩) અમદાવાદ શહેર વસ્ત્રાપુર પોસ્ટે ફસ્ટ ગુ નં ૩૦૧/૧૯ ઇપીકો કલમ ૩૭૯,૪૬૧ મુજબ
(૪) અમદાવાદ શહેર વસ્ત્રાપુર પોસ્ટે ફસ્ટ ગુ નં ૩૧૫/૧૯ ઇપીકો કલમ ૩૭૯,૪૬૧ મુજબ
(૫) અમદાવાદ શહેર વસ્ત્રાપુર પોસ્ટે ફસ્ટ ગુ નં ૩૪૩/૧૯ ઇપીકો કલમ ૩૭૯,૪૬૧ મુજબ
(૬) અમદાવાદ શહેર વસ્ત્રાપુર પોસ્ટે ફસ્ટ ગુ નં ૩૪૫/૧૯ ઇપીકો કલમ ૩૭૯,૪૨૭ મુજબ
(૭) અમદાવાદ શહેર વસ્ત્રાપુર પોસ્ટે ફસ્ટ ગુ નં ૩૪૯/૧૯ ઇપીકો કલમ ૩૭૯,૪૬૧,૪૨૭ મુજબ
(૮) અમદાવાદ શહેર સોલા પોસ્ટે ફસ્ટ ગુ નં ૫૦૧/૧૯ ઇપીકો કલમ ૩૭૯,૪૬૧,૪૨૭ મુજબ

**<u>આરોપીનો ગુન્હાહીત ઇતીહાસ</u>**

મજકુર પકડાયેલ આરોપી મહમદ સલીમ ઉર્ફે કાજબ અહેમદ હુસેન શેખ તેના સાગરીત સાથે અગાઉ પાવાગઢ પો.સ્ટે.પંચમહાલ ખાતે સને-૨૦૧૪ મા તથા બાપોદ પો.સ્ટે વડોદરા શહેર તથા જે.પી.રોડ પો.સ્ટે. વડૉદરા શહેર ખાતે સને ૨૦૧૭ મા પકડાયેલ તથા ભવનાથ પો.સ્ટે.જુનાગઢ ખાતે સને-૨૦૧૯ મા પકડાયેલ તેમજ આરોપી નિર્મળ ઉર્ફે મંગલ પાડે પ્રવિણભાઇ આહિર નાઓ સને-૨૦૧૪ મા પાવાગઢ પો.સ્ટે.પંચમહાલ ખાતે તથા સને-૨૦૧૬ મા માંજલપુર પો.સ્ટે.વડોદરા શહેર ખાતે તથા સને-૨૦૧૮ મા લક્ષ્મિપુરા પો.સ્ટે. વડોદરા શહેર તથા સને-૨૦૧૯ મા ભવનાથ પો.સ્ટે. જુનાગઢ ખાતે પકડાયેલ છે.

**<u>કામગીરી કરનાર અધિકારીઓ કર્મચારીઓ</u>**

પો. ઇન્સ. એમ.એમ.જાડેજા, પો.સ.ઇ. શ્રી મહાવીરસિંહ.બી.જાડેજા, મ.સ.ઇ જહાગીરખાન, અ.હે.કો. બાબુભાઇ, પો.કો. જીતેન્દ્રકુમાર, પો.કો ગોવિંદભાઇ, લો.ર રૂતુરાજસિંહ, લો.ર. લાલજીભાઇ, લો.ર. ક્રુણાલકુમાર

તેમજ મજકુર હાલ પકડાયેલ આરોપી પોતાના સાગ્રીતો સાથે મળી અને અલગ અલગ જગ્યાએ ઉપરોકત એમ.ઓ. થી ચોરી કરવાની ટેવ વાળા હોય જે સમગ્ર ગુજરાત રાજ્યમા આ રીતે અસંખ્ય બનાવ બનેલ હોય જેથી સદરહુ હાલ પકડાયેલ આરોપીઓ ની ઉંડાણપુર્વક પુછપરછ **<u>પો. સબ ઇન્સ. મહાવિરસિંહ બી. જાડેજા</u>** નાઓ દ્વારા ચાલુમા છે

( એમ.એમ.જાડેજા )
પોલીસ ઇન્સ્પેકટર,
વસ્ત્રાપુર પો.સ્ટે.
અમદાવાદ શહેર




.